સંક્ષિપ્ત સમાચાર

પાલીમાં પંચર પડતા ઊભેલા ટ્રક ચાલકનું અન્ય ટ્રક અડફેટે મોત

વિજયભાઈ પટેલ

કામરેજ: કામરેજના પાલી ગામની હદમાં ભારતમાલા એક્સપ્રેસ હાઈવે પર મંગળવારે મોડી રાત્રે અકસ્માત સર્જાયો હતો. ભરૂચથી પાઉડરના ડ્રમ ભરી મહારાષ્ટ્રના કોલ્હાપુર જઈ રહેલા ટ્રક નં. (જીજે 16 એડબ્લ્યૂ 4995)ના ટાયરમાં પંચર પડતાં ડ્રાઈવર વિજયબહાદુર ભુઆલ યાદવ (ઉ.વ. ૫૪) (રહે., ઉત્તરપ્રદેશ) હાઈવે પર સાઈડમાં ઊભા હતા. તે દરમિયાન પાછળથી પૂરઝડપે આવેલી અન્ય એક ટ્રકે નં.(ડીડી 01 એજે 9460)એ ઊભેલી ટ્રકને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા વિજયબહાદુરનું સુરત સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. અકસ્માતમાં ટ્રક અને તેમાં ભરેલા સામાનને મોટું નુકસાન થયું છે. કામરેજ પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ડોલવણમાં વીજ વાયરોની ચોરી કરનારા ત્રણ આરોપી ઝડપાયા

વ્યારા: તાપી જિલ્લાના ડોલવણના ગાંગપુર ગામેથી ૩ કિમી લાંબા અને ૪૦૦ કિલો વીજ વાયરની ચોરી અંગે જુનિયર એન્જિનિયરે ૮ જુલાઈ-૨૦૨૬ના રોજ ફરિયાદ નોંધાવી હતી. આ મામલે તાપી એલસીબીએ બાતમીના આધારે ડોલવણ ચાર રસ્તા પાસેથી મૂળ રાજસ્થાનના ત્રણ આરોપીઓ સુખદેવ ભાટ, સુખદેવ રાવત અને ગોવિંદસિંગ રાવતને ઝડપી પાડ્યા છે. પોલીસે આરોપીઓ પાસેથી રૂ. ૩,૩૩,૯૫૫નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કેસમાં સંડોવાયેલા અન્ય ત્રણ આરોપીને વોન્ટેડ જાહેર કરી પોલીસે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ ટ્રાફિક પોલીસની માનવતા

પ્રવીણ તેરૈયા

ભરૂચ, અંકલેશ્વર: દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર ભરૂચથી કીમ વચ્ચે નબળા મેઇન્ટેનન્સના કારણે ટાયર ફાટવાના બનાવો વધી રહ્યા છે. તાજેતરમાં અંકલેશ્વરના પીલુદરા ગામ પાસે એક હાયવા ટ્રકનું ટાયર ફાટતાં તે રોડ પર પલટી ખાઈ ગઈ હતી, જેમાં ચાલક ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયો હતો. દરમિયાન એરફોર્સના કોન્વોયના પાયલોટિંગની ફરજ પર તૈનાત હેડ કોન્સ્ટેબલ રાજેશભાઈ અને ડ્રાઈવર ASI કનુભાઈએ તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી હતી. તેમણે સમય ગુમાવ્યા વિના ચાલકને પલટી ગયેલી ટ્રકમાંથી બહાર કાઢ્યો હતો. પ્રાથમિક સારવાર આપી એમ્બ્યુલન્સ મારફતે તેને હોસ્પિટલ ખસેડી પોલીસે ફરજનિષ્ઠા અને માનવતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

સરનામું ભૂલેલી માનસિક અસ્વસ્થ મહિલાને સાચો વિસામો મળ્યો

વાલોડ: તાપી જિલ્લાની ૧૮૧ 'અભયમ' અને 'સખી વન સ્ટોપ સેન્ટર'ની ટીમે સંવેદનશીલતાની મિસાલ રજૂ કરી છે. છેલ્લા ૧૫ દિવસથી ઘરથી વિખૂટા પડેલા એક માનસિક અસ્વસ્થ મહિલાને વ્યારા સખી સેન્ટર લાવી, પ્રેમપૂર્વક કાઉન્સેલિંગ કરી તેનું સરનામું (કેલવણ ગામ, ડોલવણ) મેળવ્યું હતું. ચોમાસાના કાદવ-કીચડવાળા કપરા રસ્તે પણ હિમત હાર્યા વિના, ટીમે ધોધમાર વરસાદમાં ૧.૫ કિમી પગપાળા ચાલીને મહિલાને તેમના પરિવાર સુધી સહીસલામત પહોંચાડ્યાં હતાં. સ્વજનને પાછા મેળવી પરિવારજનો ભાવુક બન્યા હતા અને તંત્રનો આભાર માન્યો હતો.

અંકલેશ્વર GIDCની નવસર્જન ઇન્ડસ્ટ્રિયલ કો.ઓ.બેંક લિ.ના નવા હોદ્દેદારો વરાયા

ભરૂચ, અંકલેશ્વર: ભરૂચ જિલ્લાનું કાર્યક્ષેત્ર ધરાવતી સૌથી મોટી પીપલ્સ બેન્ક 'ધી નવસર્જન ઇન્ડસ્ટ્રિયલ કો.ઓ.બેંક લિ.,' અંકલેશ્વરના પદાધિકારીઓ (હોદ્દેદારો)ની નિયુક્તિ-ચૂંટણી મંગળવારે સાંજે સર્વાનુમતે બિનહરીફ કરાઈ હતી. ચેરમેન તરીકે ધીમંતભાઇ બી. શાહ (અંકલેશ્વર), વાઇસ ચેરમેન તરીકે ઇલાબેન સુરેશભાઇ આહિર (ભરૂચ) અને મેનેજિંગ ડિરેક્ટર તરીકે અમુલખભાઇ એન. પટેલ (અંકલેશ્વર)ની સર્વાનુમતે વરણી કરાવામાં આવી છે. આ ત્રણેય પદાધિકારીઓની બિનહરીફ સર્વાનુમતે નિયુક્તિ થતાં બેંકના મહામૂલા સભાસદો, અધિકારીઓ અને કર્મચારીઓમાં હર્ષ અને આનંદની લાગણી ફેલાઈ ગઈ હતી. નવા ચુંટાયેલા પદાધિકારીઓએ બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, સ્ટાફગણ સભાસદો માટે તત્પર રહેવાની ખાતરી આપી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ નિર્ણય બેંકના તમામ બોર્ડ ઓફ ડિરેક્ટર્સના સહયોગથી લેવાયો હતો, જેના માટે આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

પીપોદરામાં અકસ્માત: બે ઘાયલ

પ્રવીણ તેરૈયા

હથોડા: પીપોદરા દાળ મિલ નજીક રાત્રિના સમયે રોડ ક્રોસ કરી રહેલા રાધા નામની વ્યક્તિ સાથે એક બાઈક જોરદાર રીતે અથડાઈ હતી. આ અકસ્માતમાં બાઈક ચાલક અને રાહદારી બંનેને ગંભીર ઈજા પહોંચી હતી. ઘટનાની જાણ થતાં જ પાલોદ પોલીસે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે બંને ઈજાગ્રસ્તને વધુ સારવાર માટે સુરત સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા. ઈજાગ્રસ્તો પૈકી એકની હાલત અત્યંત નાજૂક હોવાનું જાણવા મળ્યું છે.

માંડવીમાં વાવાઝોડા સાથે વરસાદ: વૃક્ષ ધરાશાયી

માંડવી: માંડવી અને આસપાસના વિસ્તારોમાં વહેલી સવારે પવન સાથે વરસાદી માહોલ સર્જાયો હતો. તીવ્ર પવનના કારણે ખેડપુર નજીક અંગ્રેશ્વર મંદિર પાસે એક મોટું વૃક્ષ રસ્તા પર ધરાશાયી થતાં હાઈવે બંધ થઈ ગયો હતો, જેના લીધે વાહનોની લાંબી કતારો લાગી હતી. ઘટનાની જાણ થતાં જ તંત્રએ તાત્કાલિક વૃક્ષ હટાવવાની કામગીરી હાથ ધરી માર્ગ ખુલ્લો કર્યો હતો. વાહન વ્યવહાર પૂર્વવત થતાં વાહનચાલકોએ રાહત અનુભવી હતી.

અંકલેશ્વર-હાંસોટમાં ડાંગર રોપણીનો પ્રારંભ

બંને તાલુકામાં ખેતમજૂરોની વિવિધ ટુકડીઓએ ધામા નાંખી દીધા

પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર, ભરૂચ: અંકલેશ્વર-હાંસોટ પંથકમાં ચાલુ સપ્તાહ દરમિયાન ધરતીપુત્રો ડાંગરના પાકની વાવણીની કામગીરીમાં જોતરાયેલા છે. ચાલુ ચોમાસાના પહેલા વરસાદને કારણે આ વર્ષે સ્થાનિક ખેડૂતોએ ડાંગરની ખેતીમાં કસ મળશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો. બુધવારે ઝઘડિયામાં ૬ મીમી, અંકલેશ્વરમાં ૧ મીમી અને વાલિયામાં ૭ મીમી પાણી પડ્યું હતું.

આ વર્ષે ચોમાસુ સમયસર અને આશાસ્પદ લાગતાં અન્ય આર્થિક ક્ષેત્રોની જેમ ખેતીના વ્યવસાયને પણ વ્યાપક પ્રમાણમાં ફાયદો મળશે તેવી આશાઓ વચ્ચે અંકલેશ્વર-હાંસોટ પંથકના ખેડૂતોએ ડાંગરની ખેતીનો પ્રારંભ કર્યો છે. સામાન્ય રીતે ડાંગરનું ધરુ જૂન માસમાં ખેતરમાં નંખાય છે અને જુલાઈમાં તેની ફેરવાવણી કરાય છે. આ વર્ષે ચોમાસાની ઋતુ સમયસર ચાલુ થતા અને પહેલો વરસાદ પણ દમદાર વરસતા સ્થાનિક ખેડૂતોએ ડાંગરની ખેતી માટેની તૈયારીઓ આરંભી દીધી હતી. જુલાઈ માસના પ્રથમ સપ્તાહ દરમિયાન ખેડૂતોએ ખેતરના ઘાવલ કરી ડાંગરના ધરુની ફેરવાવણી તૈયારી કરી રહ્યા છે. અંકલેશ્વર-હાંસોટ તાલુકાની હજારો હેક્ટર જમીનમાં ખેડૂતોના ડાંગરનાં પાકની વાવણી કરી છે.

અંકલેશ્વર તાલુકામાં અંદાજે ૨૨૦૦ હેક્ટર જમીનમાં ડાંગરનો પાક લેવાયો છે. જ્યારે હાંસોટ તાલુકામાં અંદાજે ૧૩૦૦ હેક્ટર જમીનમાં સ્થાનિક ખેડૂતોએ ડાંગરનું વાવેતર કર્યું છે, જેમાં જયશ્રી, ગુર્જરી, નાથપૌવા જેવી ડાંગરની જાતનો સમાવેશ થયો છે. મોટા ભાગે પૌવાની બનાવટમાં ઉપયોગમાં લેવાતી ડાંગરની આ જાતો છે.

અંકલેશ્વર-હાંસોટ પંથકમાં આજકાલ મહારાષ્ટ્ર બોર્ડરનાં ઉચ્છલ ગામની આસપાસના ખેતમજૂરોની વિવિધ ટુકડીઓએ ધામા નાંખી દીધા છે. ઉપરાંત દાહોદ, ગોધરા પંથકનાં છેવાડાનાં ગામોમાંથી પણ ખેતમજૂરો હાલ સ્થાનિક ખેતરોમાં ડાંગરની વાવણીને આખરી ઓપ આપી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે પાછોતરા વરસાદને કારણે અંકલેશ્વર હાંસોટ તાલુકા ખેડૂતોને કાપણીનું કામ પાછું ઠેલવવાની નોબત આવી હતી. જો કે, આ વર્ષે પંથકના ખેડૂતો ભારે આશાવાદ વચ્ચે વાવણીના કામમાં જોતરાયેલા જોવા મળી રહ્યા છે.

આજે અંકલેશ્વરમાં ભગવાન જગન્નાથની રથયાત્રા નીકળશે

ભગવાન જગન્નાથજી, બલભદ્રજી અને સુભદ્રાજીની વિશેષ પૂજા-અર્ચના કરાશે

અંકલેશ્વર: અંકલેશ્વરના ભરૂચીનાકા નજીક હરિદર્શન સોસાયટી ખાતે આવેલા ભગવાન જગન્નાથજી મંદિરથી ગુરુવારના રોજ ભગવાન જગન્નાથજીની ૨૪મી ભવ્ય રથયાત્રા ભક્તિભાવ અને હર્ષોલ્લાસ સાથે નીકળશે. રથયાત્રાને લઈને આયોજકો દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. રથયાત્રા પૂર્વે મંદિર ખાતે ભગવાન જગન્નાથજી, બલભદ્રજી અને સુભદ્રાજીની વિશેષ પૂજા-અર્ચના તથા મહાઆરતીનું આયોજન કરવામાં આવશે. ત્યારબાદ ભજન-કીર્તનના સુમધુર સ્વરો વચ્ચે ભગવાનના રથનું પ્રસ્થાન થશે. રથયાત્રા શહેરના વિવિધ વિસ્તારોમાં પરિભ્રમણ કરી ભક્તોને દર્શનનો લાભ આપશે. રથયાત્રાને લઈને મંદિર પરિસર તેમજ માર્ગો પર આકર્ષક સજાવટ કરવામાં આવી છે. આયોજકો દ્વારા ભક્તોના સ્વાગત તેમજ સુચારું આયોજન માટે જરૂરી વ્યવસ્થાઓ પણ પૂર્ણ કરવામાં આવી છે. રથયાત્રાના આયોજક જીતુ પટેલે શહેરના તમામ ભાવિકોને પરિવાર સાથે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા હાર્દિક આમંત્રણ પાઠવ્યું છે.

અંકલેશ્વરમાં યોજાનારી ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રાને લઈ પોલીસ તંત્ર દ્વારા સુરક્ષા વ્યવસ્થાના ભાગરૂપે બુધવારે રથયાત્રાના સમગ્ર રૂટ પર ફ્લેગ માર્ચ યોજવામાં આવ્યો હતો.

બારડોલી પોલીસ સ્ટેશનમાં જ મહિલાએ કોન્સ્ટેબલને ગાળો ભાંડી

'તારી બદલી કરવામાં ૨૪ કલાક નહીં થવા દઉં' એવી ધમકી પણ આપી, ગુનો દાખલ

બારડોલી: બારડોલી ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી સરકારી ફરજમાં રૂકાવટ અને પોલીસ કર્મચારીને જાહેરમાં ધમકાવવાનો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. પોલીસ સ્ટેશન કમ્પાઉન્ડમાં એક મહિલાએ હેડ કોન્સ્ટેબલ સાથે ઉગ્ર બોલાચાલી કરી, અશ્લીલ ગાળો આપી ૨૪ કલાકમાં બદલી કરાવી દેવાની તેમજ જાનથી મારી નાંખવાની ધમકી આપી હોવાની ફરિયાદ નોંધાઈ હતી.બારડોલી ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા આસિસ્ટન્ટ હેડ કોન્સ્ટેબલ વિજયભાઈ મુળજીભાઈ મારૂએ સ્થાનિક રહીશ કવિતાબેન ઉર્ફે પલક નરેન્દ્રકુમાર શાહ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ગત ૧૬ જૂન-૨૦૨૬ના રોજ બપોરે ફરિયાદી પોલીસ કર્મચારી સર્વેલન્સ ચોકી ખાતે ફરજ પર હતા, ત્યારે આરોપી મહિલા ત્યાં આવી પહોંચી હતી. ફરિયાદીને જોતા જ ઉશ્કેરાયેલી મહિલાએ જાહેરમાં બૂમો પાડી ધમકી આપી હતી કે, તારી બદલી કરવામાં ૨૪ કલાક નહીં થવા દઉં. આ સાથે જ મહિલાએ બીભત્સ ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપી સરકારી ફરજમાં અડચણ ઊભી કરી હતી.

બનાવના આગલા દિવસે હેડ કોન્સ્ટેબલ વિજયભાઈના મિત્રના ફોન પર બારડોલી પોલીસ સ્ટેશનમાંથી કોઈ 'મેડમ' બોલે છે તેમ કહી ઈસરોલી બીટમાં આવી જવા ફોન આવ્યો હતો. આ ફોન કોલનું રેકોર્ડિંગ સાંભળતા વિજયભાઈએ ઓળખી કાઢ્યું હતું કે અવાજ કોઈ પોલીસ કર્મચારીનો નહીં, પરંતુ પોલીસ સ્ટેશનમાં અવારનવાર આવતી કવિતાબેનનો છે. આ ખુલાસાની અદાવત રાખીને મહિલાએ બીજા દિવસે પોલીસ સ્ટેશનમાં ધમાલ મચાવી હતી.

બનાવ સમયે હાજર અન્ય પોલીસ કર્મચારીઓએ વચ્ચે પડી મામલો થાળે પાડ્યો હતો. આ સમગ્ર ઘટના પોલીસ કર્મચારીના બોડી વોર્ન કેમેરામાં કેદ થઈ ગઈ હતી, જેનું વિડીયો રેકોર્ડિંગ પુરાવા તરીકે રજૂ કરાયું છે. સુરત ગ્રામ્ય પોલીસ અધિક્ષક કચેરી અને ડીવાયએસપી કચેરીની તપાસ બાદ આરોપી મહિલા વિરુદ્ધ ગુનો નોંધી, પીએસઆઈ વિજય સેંગલે આગળની તપાસ હાથ ધરી છે.

ભરૂચ સહિત રાજ્યભરની પોસ્ટ ઓફિસોને બોમ્બની ઉડાવવાની ધમકી

બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડે તપાસ કરી

ભરૂચ: આજે ફરી રાજ્યની વિવિધ પોસ્ટ ઓફિસોને અજાણ્યા તત્ત્વો તરફથી ધમકીભર્યા ઈ-મેઈલ મળ્યા છે. આ ધમકી બાદ સંવેદનશીલ ગણાતી ભરૂચ ડિવિઝનલ પોસ્ટ ઓફિસ સહિત સમગ્ર જિલ્લાની તમામ નાની-મોટી પોસ્ટ ઓફિસો પર સુરક્ષા વ્યવસ્થા ચુસ્ત કરી દેવામાં આવી છે.

પોલીસ તંત્ર તાત્કાલિક એક્શનમાં આવ્યું હતું અને તમામ પોસ્ટ ઓફિસો પર વધારાનો પોલીસ બંદોબસ્ત તૈનાત કરાયો હતો. પોલીસ કાફલાએ પોસ્ટ ઓફિસ પરિસરના ખૂણેખાંચરે સઘન ચકાસણી હાથ ધરી હતી. તેમજ શંકાસ્પદ વસ્તુઓ અને વિસ્ફોટકોની તપાસ માટે બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ (BDS) અને ડોગ સ્ક્વોડને પણ બોલાવવામાં આવી હતી. પોસ્ટ ઓફિસમાં આવતા તમામ પાર્સલ અને બેગ્સનું ઝીણવટભર્યું ચેકિંગ હાથ ધરાયું હતું. આ ધમકીભર્યો ઈ-મેઈલ ક્યાંથી મોકલવામાં આવ્યો અને તેની પાછળ કયાં તત્ત્વો સક્રિય છે, તેની ઉચ્ચસ્તરીય તપાસ શરૂ કરી દેવામાં આવી છે. સાયબર ક્રાઈમ બ્રાંચ અને અન્ય સુરક્ષા એજન્સીઓ ઈ-મેઈલના IP એડ્રેસ અને સ્ત્રોતને ટ્રેસ કરવા માટે ટેક્નિકલ તપાસ કરી રહી છે. ઉલ્લેખનીય છે કે, રથયાત્રા જેવા તહેવારોના માહોલ વચ્ચે સતત મળી રહેલી આ ધમકીઓને પગલે ગુપ્તચર એજન્સીઓ પણ તપાસ ચલાવી રહી છે. પોલીસે નાગરિકોને અપીલ કરી છે કે તેઓ ગભરાયા વિના સતર્ક રહે અને કોઈપણ શંકાસ્પદ હિલચાલ જણાય તો તાત્કાલિક પોલીસને જાણ કરે.

બારડોલીમાં પાસપોર્ટ અને પોસ્ટ ઓફિસમાં ચેકિંગ હાથ ધરાયું

બારડોલી: બારડોલીની સ્થાનિક પોસ્ટ ઓફિસ અને પાસપોર્ટ ઓફિસને બોમ્બથી ઉડાવી દેવાનો ધમકીભર્યો ઈ-મેઇલ મળતાં ભારે દોડધામ મચી ગઈ છે. અજાણ્યા શખ્સ દ્વારા મોકલાયેલા આ મેઇલમાં સાયનાઇડ ગેસ ભરેલો IED બોમ્બ બપોરે ૧:૧૫ વાગ્યે વિસ્ફોટ થવાની ગંભીર ધમકી આપી ઓફિસ ખાલી કરવા અલ્ટિમેટમ અપાયું હતું. ઘટનાની ગંભીરતા જોઈ તંત્ર દ્વારા તાત્કાલિક બંને ઓફિસો ખાલી કરાવી કામગીરી બંધ કરી દેવાઈ હતી. હાલ પોલીસે સમગ્ર પરિસર સીલ કરી ઝીણવટભરી તપાસ શરૂ કરી છે. આ ઘટનાથી કર્મચારીઓ અને લોકોમાં ભયનો માહોલ ફેલાયો છે, જ્યારે પોલીસ અસામાજિક તત્ત્વને શોધવા તપાસ હાથ ધરી છે.

અંકલેશ્વરમાં ઘરફોડ ચોરીની મહિલા આરોપી ઝડપાઈ

અંકલેશ્વર: અંકલેશ્વર શહેર 'બી' ડિવિઝન પોલીસે એક વર્ષથી ફરાર ઘરફોડ ચોરીના ગુનાઓમાં સંડોવાયેલી મહિલા આરોપીને ઝડપી લીધી હતી. આરોપી સામે અંકલેશ્વર શહેર 'બી' ડિવિઝન તેમજ અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં ઘરફોડ ચોરીના બે ગુના નોંધાયેલા છે. પોલીસને બાતમી મળી હતી કે, એક વર્ષથી ફરાર મહિલા આરોપી અંકલેશ્વર જીઆઈડીસી બસ ડેપો વિસ્તારમાં ફરી રહી છે. બાતમીના આધારે પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી આરોપીને ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી હતી. પકડાયેલી આરોપીની ઓળખ મનજીતકૌર અમરજીતસિંહ સુરજીતસિંહ સીકલીગર (ઉં.વ.35) (રહે.,લલિતસાગર, તા.હાંસોટ, જિ.ભરૂચ) તરીકે થઈ છે. આરોપી સામે અંકલેશ્વર શહેર 'બી' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં વર્ષ-૨૦૨૫ના ઘરફોડ ચોરીના ગુના ઉપરાંત અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં પણ ઘરફોડ ચોરીનો ગુનો નોંધાયેલો છે. બંને ગુનામાં એક વર્ષથી ફરાર રહેલી આરોપીની ધરપકડ કરી પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

સાગબારામાં 15 દિવસમાં હિંસક હુમલા બાદ દીપડો પાંજરે પુરાયો

રાત્રે લાંબુ અંતર કાપતો દીપડો પાંજરામાં કેદ

સાગબારા: સાગબારા પંથકમાં 15 દિવસથી દીપડાના આતંકથી લોકોમાં ભય જોવા મળી રહ્યો છે. દરમિયાન દત્તવાડા ગામે વન વિભાગે પાંજરું ગોઠવી દીપડાને કાબૂમાં લીધો હતો.

થોડા દિવસ પહેલા સેલંબા-પાંચપીપરી પાટ રોડ પર દીપડાએ એક જૈન યુવતી અને અન્ય યુવાન પર હુમલો કર્યો હતો, જેનાથી લોકોમાં આક્રોશ ફાટી નીકળ્યો હતો. બાદ સેલંબા નજીક નવાગામના યુવાન આકાશ પટેલનું દીપડાના હુમલાના આશંકાએ મોત થયું હતું. ઉપરાંત સાગબારા-ધનસેરા-સેલંબા રોડ પર વારંવાર દીપડાની હાજરી નોંધાઈ છે. દત્તવાડા ગામે દીપડો દેખાતાં ગ્રામજનોએ તાત્કાલિક વન વિભાગને જાણ કરી હતી. જો કે, દીપડો પાંજરે પુરાતાં લોકોને હાશકારો થયો છે.

અત્રે નોંધનીય છે કે, પકડાયેલો આ દીપડો મધરાત્રે ઘણા કિલોમીટર ફરતો હતો. જો કે, આ દીપડો જ પાંચપીપરી-પાટ રોડ પર હુમલો કરનારો છે કે કેમ, તે અંગે તંત્ર તપાસ કરી રહ્યું છે. આ બાબતે સાગબારાના RFO પ્રવીણ ચૌધરીને મોબાઈલ પર સંપર્ક કરવામાં આવ્યો હતો, પરંતુ તેમણે ફોન રિસીવ કર્યો ન હતો. હાલ વન વિભાગ દીપડાની હિલચાલ અને અન્ય ઘટનાઓની તપાસમાં જોતરાયો છે.

નર્મદા જિલ્લાની આશ્રમશાળાઓની સમીક્ષા બેઠક મળી

રાજપીપળા: નર્મદા જિલ્લામાં કાર્યરત આશ્રમશાળાઓની ભૌતિક સુવિધાઓ, શૈક્ષણિક કામગીરી તેમજ વિવિધ વહીવટી પ્રશ્નોના ત્વરિત નિરાકરણ લાવવાના હેતુસર પ્રાયોજના વહીવટદાર અમોલ એસ. આવટેના અધ્યક્ષ સ્થાને રાજપીપળાની આદર્શ નિવાસી શાળા ખાતે સમીક્ષા બેઠકનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે ૨૬ વિવિધ સંસ્થાના હોદ્દેદારો તેમજ ૬૧ આશ્રમશાળાના આચાર્યો ઉપસ્થિત રહ્યા હતા.

નેત્રંગ તા.પં.ની બિલોઠી બેઠકની પેટા ચૂંટણી યોજાશે

નેત્રંગ: નેત્રંગ તાલુકા પંચાયતની ૩-બિલોઠી બેઠકના આપના વિજેતા ઉમેદવાર ગુણવંતભાઈ વસાવાના અવસાન બાદ ખાલી પડેલી બેઠકની પેટા ચૂંટણી આગામી ૨૮ તારીખે યોજાશે. ચૂંટણી અધિકારી કલ્પેશ ગળિયાની અધ્યક્ષતામાં ફોર્મ ચકાસણીમાં ડમી ઉમેદવારોનાં ફોર્મ રદ થયાં છે. હવે મેદાનમાં ભાજપના કાંતિભાઈ વસાવા, આપના પ્રવીણભાઈ વસાવા અને કોંગ્રેસના રણજીતભાઈ વસાવા વચ્ચે ત્રિપાંખિયો જંગ ખેલાશે. ભરાયેલાં ફોર્મ બાદ ત્રણેય પક્ષો પ્રચારમાં જોતરાયા છે. આ ચૂંટણીનું પરિણામ ૩૦ તારીખે જાહેર થશે.

જાહેર નોટીસ - કલ્પેશ ડી.પટેલ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ કુકરમુંડાની કોર્ટમાં

કેસ નં. ૩૯૮/૨૦૨૬

અરજદાર : નામ:- વસાવા ગુણવંતભાઈ કૃષ્ણાભાઈ , હાલ રહે:-રણાયચી તા.કુકરમુંડા જી.તાપી

વિરૂધ્ધ

સામાવાળા: નામ:-રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, કેવડામોઈ રહે.-ગ્રામ પંચાયત, કેવડામોઈ

જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં, વસાવા પ્રદિપભાઈ ગુણવંતભાઈનો જન્મ તા.૨૩/૦૧/૨૦૦૬ ના રોજ મોજે.રણાયચી તા.કુકરમુંડા જિ.તાપી ખાતે થયેલ હોવાનો અરજદારશ્રીએ એકરાર કરેલ છે.પરંતુ તેમના જન્મની નોંધ શરતચુકથી રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, કેવડામોઈના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, કેવડામોઈને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, કેવડામોઈ કચેરી ગ્રામ પંચાયત, કેવડામોઈ ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા, જો તેમ કરવામાં નહિ આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ તા.૧૪/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

(કોર્ટનો સિકકો)

હુકમથી (કલ્પેશ ડી.પટેલ)
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ કુકરમુંડા જિ.તાપી

Milano MULTIPLEX

બારડોલી

Dhamaal 4
10:00am, 12:00pm, 01:00pm, 03:00pm, 04:00pm, 06:00pm, 07:00pm, 09:00pm, 09:30pm, 10:00pm

Alpha
02:00pm, 05:00pm

Welcome To The Jungle
10:50am

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ

IDFC FIRST Bank

(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)

CIN : L65110TN2014PLC097792

રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ–૬૦૦૦૩૧ ટેલી : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦
ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ નોટીસ

આથી નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** પાસેથી સુરક્ષિત લોન મેળવેલ હતી. લોન માટે નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ તેમની જે તે મીલકત મોર્ગેજ કરેલ હતી. તેઓ દ્વારા જે તે લોન કરાર મુજબના કરારો–શરતો અને નિયમનું પાલન કરવામાં કસુર થયેલ છે અને અનિયમितતા દર્શાવેલ છે. તેથી લોન આરબીઆઈના નિર્દેશ મુજબ એનપીએ થયેલ છે. **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** એ તેમની પાસે બાકી લેણી રકમ અંગે નોટીસ આપી નીચે દર્શાવેલ કોષ્ટકમાં નિર્દેશ કરેલ વિગત મુજબ બાકી રકમ ઉપર લાગુ વ્યાજ અને તેજ રીતે કરાર મુજબનું વ્યાજ જે તે તારીખથી ચાર્જ કરશે.

અ. નં.	લોન એકાઉન્ટ નંબર	લોનનો પ્રકાર	દેવાદારો / સહદેવાદારોનું નામ	૧૩(૨) નોટીસની તારીખ	૧૩(૨)ની નોટીસ મુજબ બાકી રકમ
૧.	૬૦૦૧૦૪૧૭	મિલકત સામે લોન	૧. રબારી દેવશીભાઈ ૨. દેસાઈ ફુલાભાઈ ૩. રબારી બોનજીબેન	૧૦.૦૬.૨૦૨૬	રૂા.૨,૬૦,૭૯૦.૦૭/–

મિલકત નુ સરનામુ : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત જે